Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખા તેમજ કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખાની આગામી સપ્ટેમ્બર/ઓક્ટોબર/નવેમ્બર-૨૦૨૬ ની પરીક્ષાઓ માટે સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ **B.Sc., B.C.A., B.Sc. Computer Science, Home Science, Biotechnology, B.Sc. Data Science, B.Voc. I.T. NEP & NON-NEP** સેમેસ્ટર-૨ થી સેમેસ્ટર-૬, **B.Sc. I.T.** સેમેસ્ટર-૨ થી સેમેસ્ટર-૧૦, **M.Sc.** તેમજ **M.C.A.** સેમેસ્ટર-૨ થી સેમેસ્ટર-૪, **PGDCA** સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૨, **PGDMLT** સેમેસ્ટર-૨ તેમજ બ્રિજ કોર્ષની પરીક્ષાઓના ઓનલાઈન તથા ઓફલાઈન આવેદનપત્રો તા. ૨૭-૦૭-૨૦૨૬ થી ૨૭-૦૮-૨૦૨૬ સુધી ભરવાના રહેશે. જેમાં **ABC ID** તેમજ **UDISE** નંબર ફરજિયાત પણે ભરવાના રહેશે.

તમામ આવેદનપત્ર વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ભરાવી તેમજ તેઓના આવેદનપત્રો વેરીફાઈ કરી વિદ્યાર્થીઓની યાદી જે તે વિદ્યાશાખાઓમાં ઈ-મેઈલ કરવાના રહેશે તેમજ તા.૧૩-૦૯-૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંકઃપરીક્ષા/સંકલન/૧૯૦૬૫/૨૦૨૪ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

નવા અભ્યાસક્રમ મુજબ તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાના રહેશે. જેની અચૂક નોંધ લેવી.

જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરરીતિ કરતા માલુમ પડેલ તેવા વિદ્યાર્થીઓએ **MPEC**ના સ્ટેટ્યુટ-૧૧૯ના પરિશિષ્ટ-અ ની જોગવાઈ મુજબ કરવામાં આવેલ સજાના આધારે પરીક્ષામાં આવેદનપત્રો ભરાવવાના રહેશે.

નોંધ- **NON NEP** માંથી **NEP** અભ્યાસક્રમમાં પ્રવેશ પોલીસી અન્વયે તા. ૨૦-૧૨-૨૦૨૩ ના પરિપત્ર ક્રમાંક : એકે / ઇભ. /૩૧૪૪૩ /૨૦૨૩ મુજબ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાના રહેશે.

યુનિવર્સિટીના પરીક્ષા વિભાગનો તા. ૧૫-૦૭-૨૦૨૬નો પરિપત્ર ક્રમાંકઃપરીક્ષા/સંકલન/પરીક્ષા- ફી/૧૫૧૩૭/૨૦૨૬ મુજબ ફી ભરવાની રહેશે.

વધુમાં નિયત કરેલ તારીખ ત્યારબાદના પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાના રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો સિન્ડીકેટની તા. ૧૮-૧૦-૨૦૧૬ ની બાબત ક્રમાંક-૧૭ (૨) અન્વયે લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે જેની નોંધ લેવી. લેઈટ ફી સાથે ભરાયેલ આવેદનપત્રોના પેપરોની વ્યવસ્થા કોલેજ કક્ષાએથી કરવાની રહેશે.

**ERP CELL** ના તા. ૦૩-૦૪-૨૦૨૫ પરિપત્ર ક્રમાંક : પરીક્ષા/ **ERP CELL**/ ૭૫૩૪/૨૦૨૫ માં જણાવેલ પ્રક્રિયા મુજબ ફી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

- પરીક્ષાનાં આવેદનપત્રો કોલેજ કક્ષાએથી જરૂરી ચકાસણી કરી ભરવાનાં રહેશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે.
- જે કિસ્સામાં ઓનલાઈન તથા **NEFT**થી ચુકવણી કરેલ છે. તેવા કિસ્સામાં રૂબરૂ યુનિવર્સિટી ખાતે આવવાની જરૂર નથી.
- ઓનલાઈન આવેદનપત્રો ભરવામાં કોઈ મુશ્કેલી જણાય તો નીચે આપેલ હેલ્પ લાઈન નંબરનો કાર્યાલય સમય દરમ્યાન સંપર્ક કરી આવેદનપત્ર નિયત સમય મર્યાદામાં જ ભરવાનાં રહેશે.
- **Helpline No :** ૮૧૫૫૦૬૩૯૭૯, ૯૭૨૩૪૩૩૯૭૨, ૯૭૨૩૪૩૩૯૭૬, ૬૩૫૭૨૨૯૪૦, ૦૨૬૧-૨૨૦૩૦૫૭

ક્રમાંકઃ પરીક્ષા / વિજ્ઞાન/૧૫૬૩૫/૨૦૨૬
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
તા. ૨૧-૦૭-૨૦૨૬

પરીક્ષા નિયામક

નકલ સવિનય રવાનાઃ
પ્રતિ,
૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ વિભાગીય વડાશ્રીઓ /કો-ઓર્ડિનેટરશ્રીઓ/ તરફ જાણ તથા ઘટતું થવા સારું...
૨. સિસ્ટમ મેનેજર, પરીક્ષા વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩. ઈ.ચા. નાણા અને હિસાબી અધિકારીશ્રી નાણા અને હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.